સચિન અને રાવને ભારત રત્ન એનાયત

નવી દિલ્હી,તા. ૪

ચેમ્પિયન ક્રિકેટર સચિન તેન્ડુલકર અને માહન વૈજ્ઞાનિક સીએનઆર રાવની આજે મોટી સંખ્યામાં મહાનુભાવોની ઉપસ્થિતિમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ દેશના સર્વોચ્ચ સન્માન ભારત રત્નથી સન્માનીત કર્યા હતા. રાષ્ટ્રપતિએ ઐતિહાસિક દરબાર હોલમાં બંનેને આ સન્માન આપ્યુ હતુ. આ પ્રસંગે વડાપ્રધાન મનમોહનસિંહ, ઉપરાષ્ટ્રપતિ હમિદ અંસારી, કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી તથા કેન્દ્રિય પ્રધાન મંડળના અનેક સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાળા રંગની શેરવાની પહેરીને સચિન તેન્ડુલકર પોતાના પત્ની અંજલી અને પુત્રી સારા સાથે પહોંચ્યો હતો. જ્યારે પ્રોફેસર રાવ તેમના પત્ની સાથે ઉપસ્થિત રહ્યા હતા. એક ટૂંકા કાર્યક્રમમાં રાષ્ટ્રપતિએ પહેલા પ્રોફેસર રાવને ત્યારબાદ તેન્ડુલકરને સન્માન આપ્યુ હતુ. સચિન આ પુરષ્કાર મળવનાર પ્રથમ ખેલાડી છે જ્યારે પ્રોફેસર રાવ ભારત રત્નથી સન્માનિત થનાર ત્રીજા વૈજ્ઞાનિક છે. આ અગાઉ સીવી રમન અને પૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામને ભારત રત્નથી સન્માનીત કરવામાં આવી ચુકયા છે. સચિન તેન્ડુલકરે દરબાર ભવનમાં પહોંચ્યા બાદ થોડાક સમય સુધી બીસીસીઆઈના ઉપાધ્યક્ષ અને કેન્દ્રિય પ્રધાન રાજીવ શુક્લા સાથે વાત કરી હતી. કાર્યક્રમ બાદ ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. ઉપસ્થિત લોકોમાં સચિન તેન્ડુલકરના ઓટોગ્રાફ લેવા અને તેમને કેમેરામાં કેદ કરવા પડાપડી થઈ હતી. આવી સ્થિતિમાં સચિન તેન્ડુલકર વહેલીતકે નીકળી ગયો હતો. ત્યારબાદ રાષ્ટ્રપતિ ભવનની સામે આવીને મિડિયા સાથે વાત કરી હતી. સચિન તેન્ડુલકરને ભારત રત્ન આપવાની જાહેરાત કરવામાં આવતા થોડાક સમય પહેલા અટકળોનો અંત આવી ગયો હતો. સચિન તેન્ડુલકરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી ત્યારે જ એ દિવસે ભારત રત્ન આપવાની જાહેરાત કરવામાં આવી હતી. સચિન તેન્ડુલકર વિશ્વ ખેલોમાં દેશના વાસ્તવિક દૂત છે. તેમની અનેક સિદ્ધિઓ રહી છે. તેમના દ્વારા હાંસલ કરવામાં આવેલા રેકોર્ડની બરોબરી કરી શકાય નહીં. સચિનને આ સન્માન આપવાની વાત ઘણા સમયથી કરવામાં આવી રહી હતી. બીજી બાજુ સીએનઆર રાવ પણ જાણિતા વૈજ્ઞાનિક છે અને અનેક પ્રોજેક્ટોમાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી ચૂક્યા છે. માસ્ટર બ્લાસ્ટર સચિન તેન્ડુલકર લાંબા સમય સુધી ક્રિકેટ સાથે જોડાયેલો રહ્યો છે.

ઈન્ડોનેશિયામાં ફરી વખત પ્રચંડ ધરતીકંપનો આંચકો

જાકર્તા,તા. ૪

પૂર્વીય ઈન્ડોનેશિયામાં આજે સવારે ભૂકંપનો પ્રચંડ આંચકો અનુભવાયો હતો. રિક્ટલ સ્કેલ ઉપર ભૂકંપની તીવ્રતા છથી વધુ આંકવામાં આવી છે. પ્રચંડ ભૂકંપ બાદ સુનામીની કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી ન હતી. અમેરિકાના ભૂકંપ સંબંધિત વિભાગના લોકોએ કહ્યું છે કેસ્થાનિક સમય મુજબ આજે સવારે ૭.૩૬ વાગે પૂર્વીય તીમોરના પાટનગર ડીલીથી આશરે ૩૧૮ કિલોમીટરના અંતરે સ્થિત પૂર્વીય ઉત્તર બાંદ્રા સાગરમાં આ આંચકો આવ્યો હતો. ભુગર્ભમાં આનું કેન્દ્ર રહ્યું હતું. શરૂઆતી આંકડાઓમાં જણાવવામાં આવ્યું છે કે આને લીધે જાનમાલના કોઈ નુકસાન થયા નથી. ઈન્ડોનેશિયામાં વારંવાર ભૂકંપના આંચકા સતત અનુભવ થાય છે. આ ઉપરાંત ઈન્ડોનેશિયાને વિશ્વના સૌથી મોટા ભૂકંપ પ્રભાવિત ક્ષેત્ર તરીકે ગણવામાં આવે છે. ઈન્ડોનેશિયામાં જ્વાળામુખી ફાટવાના અને ભૂકંપ સર્જવાના વારંવાર બનાવો બનતા રહે છે. આવી સ્થિતિમાં લોકો પણ આ રીતે સાવધાન રહે છે. આજે સવારે અનુભવાયેલા પ્રચંડ ભૂકંપ બાદ આનાથી કોઈ નુકસાન થયું છે કે કેમ તેની ખાતરી કરવા માટે તંત્ર દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. હજુ સુધી કોઈ નુકસાનના સમાચાર મળ્યા નથી.

માર્ચમાં રાષ્ટ્રવ્યાપી હડતાળ કરવા રેલ્વે યુનિયન સુસજ્જ

નવી દિલ્હી,તા.૪

યુપીએ સરકાર સામે ટૂંક સમયમાં જ વધુ એક મુશ્કેલી સર્જાવાના સંકેત દેખાઈ રહ્યા છે. કારણ કે રેલવે યુનિયનોએ માર્ચ મહિનામાં રાષ્ટ્રવ્યાપી હડતાળ પાડવાની તૈયારી કરી લીધી છે. બે અગ્રણી રેલવે યુનિયનોએ તેમની જુદી જુદી માંગણીઓને લઈને હડતાળ પર જવાની ધમકી આપી દીધી છે. લાંબાગાળાથી પેન્ડીંગ રહેલી માંગણીઓને લઈને કામ બંધ કરીને હડતાળ પર જવાની ચેતવણી આ બે અગ્રણી યુનિયનો સાથે જોડાયેલા લોકો કરી ચૂક્યા છે. જો આ બંને યુનિયનો યોજના મુજબ આગળ વધશે તો જ્યોર્જ ફર્નાન્ડીઝના નેતૃત્વમાં ૧૯૭૪માં એક હડતાળ પડ્યા બાદ રેલવેમાં આ પ્રથમ મોટી હડતાળ હશે. ૧૯૭૪માં ઈન્દીરા ગાંધી સરકારે મજબૂત રીતે કચડી નાખી હતી જેના લીધે હજારોની સંખ્યામાં લોકોએ રોજગારી ગુમાવી હતી. ઓલ ઈન્ડિયા રેલવે મેન ફેડરેશન (એઆઈઆરએફ) દ્વારા ૧૭મી ફેબ્રુઆરીના દિવસે તેના જનરલ કાઉન્સીલની મહત્વની બેઠક બોલાવી છે. જ્યારે અન્ય યુનિયન નેશનલ ફેડરેશન ઓફ ઈન્ડિયન રેલવે દ્વારા ૧૨મી ફેબ્રુઆરીના દિવસે બેઠક બોલાવી છે જેમાં હડતાળ પર જવાના સંદર્ભમાં નિર્ણય કરવામાં આવશે. જો કે આ ગાળા દરમિયાન સરકાર અને રેલવે વચ્ચેની વાતચીત થનાર છે. ગ્રુપ મતદાનમાં હડતાળ માટેની વાત ૯૫ ટકા વર્કરો દ્વારા કરવામાં આવ્યા બાદ યુનિયનો પણ દબાણ હેઠળ છે. રેલવેમાં માત્ર એક દિવસની હડતાળથી ૮૦૦ કરોડનો ફટકો પડી શકે છે. જો કે યુનિયનો મંત્રણા મારફતે ઉકેલ ઈચ્છે છે. એઆઈઆરએફના જનરલ સેક્રેટરી શિવગોપાલ મિશ્રાનું કહેવું છે કે રેલવે બોર્ડ સાથે જોરદાર મંત્રણા ચાલી રહી છે. મિશ્રાનું કહેવું છે કેરેલવે કર્મચારીઓની માંગને લઈને ગંભીર છે. નાણામંત્રાલય અને સરકાર પણ સમસ્યાનો ઉકેલ ઈચ્છે છે. હડતાળ પાડવાના સમયને લઈને હજુ કોઈ નિર્ણય લેવાયો નથી. યુપીએ સરકાર પણ દબાણની સ્થિતિમાં છે. કારણ કે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી બિલકુલ નજીક આવી પહોંચી છે. ૧૯૭૪ બાદથી માત્ર બે બેલોસ્ટ્રાઈક રહી છે પરંતુ કોઈ હડતાળ થઈ નથી. સ્ટ્રાઈક બેલોટ ૨૦૦૬માં થઈ હતી. એ વેળા છઠ્ઠા વેતન પંચની રચનાની માંગ કરાઈ હતી. વેતન પંચની રચના કરવાની વડાપ્રધાન મનમોહનસિંહે જાહેરાત કર્યા બાદ આ વિવાદનો ઉકેલ આવી ગયો હતો. નેશનલ ફેડરેશન ઓફ ઈન્ડિયન રેલવેમેન દ્વારા વડાપ્રધાન મનમોહનસિંહ, નાણાંપ્રધાન, શ્રમપ્રધાન અને રેલવેને પત્ર લખીને તેમની માંગણીને ધ્યાનમાં લેવા રજૂઆત કરી છે. ફેબ્રુઆરી મહિનામાં વોટ ઓન એકાઉન્ટની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે.

દિલ્હી જનલોકપાલને લઈને દુવિધા સર્જાઈ

બિલ બંધારણીય છે કે કેમ તેને લઈને નવી ચર્ચા શરૂ

નવી દિલ્હી,તા.૪

દિલ્હી જનલોકપાલ બિલ કેબિનેટમાંથી પાસ થઈ ગયું છે પરંતુ તેના બંધારણીય હોવાના મુદ્દા ઉપર હવે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. દિલ્હીના શિક્ષણ પ્રધાન મનીષ સિસોદિયાએ કહ્યું છે કે બિલને કેન્દ્રની મંજૂરી લીધા વિના વિધાનસભામાં રજૂ કરી દેવામાં આવશે. કાયદા નિષ્ણાંતોનું કહેવું છે કે આવી સ્થિતિમાં આ કાયદો ગેરબંધારણીય રહી શકે છે. બંધારણીય નિષ્ણાંત સુભાષ કશ્યપનું કહેવું છે કે જનલોકપાલ ગેરકાયદે રહેશે. એક અગ્રણી ટીવી ચેનલ સાથેની વાતચીતમાં કશ્યપે કહ્યું છે કે દિલ્હીના મામલામાં કેન્દ્રના કાયદા સર્વોપરી ગણવામાં આવે છે. જો કાયદો કેન્દ્ર અને વિધાનસભા બંનેમાં પાસ થાય છે તો કેન્દ્રના કાયદા માન્ય રહેશે. કારણ કે પહેલાથી જ જનલોકપાલ બિલ ારાર થઈ ચૂક્યું છે જેથી દિલ્હીના પોતાના લોકપાલ બિલનો કોઈ મતલબ નથી. વિધાનસભા લોકાયુક્ત કાયદામાં જ સુધારા કરી શકે છે. બંધારણની કલમ ૨૩૯ એએ હેઠળ દિલ્હીનું વહીવટી તંત્ર રાષ્ટ્રપતિના હાથમાં હોય છે અને તેમના નેતૃત્વ હેઠળ લેપ્ટી ગવર્નર દિલ્હીના વહીવટી કાર તરીકે હોય છે. બંધારણ મુજબ બિલને પહેલાં ઉપરાજ્યપાલ પાસે મોકલવાની જરૂર છે. ઉપરાજ્યપાલ સામાન્ય રીતે બિલને રાષ્ટ્રપતિ અથવા તો ગૃહમંત્રાલય પાસે મોકલે છે. ત્યારબાદ પાસ થયા પછી આને રાજ્યમાં પાસ કરવામાં આવે છે. કેબિનેટ દ્વારા પાસ બિલનું નામ દિલ્હી લોકપાલ બિલ રાખવામાં આવ્યું છે.

આ બિલને કેબિનેટે પસાર કરી દીધું છે. આ બિલ હવે ૧૩થી ૧૬ ફેબ્રુઆરીના વિધાનસભા સત્રમાં રજૂ કરાશે. દિલ્હી સરકારના વલણને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ સર્જાયેલી છે. દિલ્હીના શિક્ષણ પ્રધાન મનીષ સિસોદિયાએ કેબીનેટના નિર્ણય અંગે માહિતી આપતા કહ્યું છે કે લોકપાલની પસંદગીમાં એક વ્યક્તિ મુખ્યમંત્રી રહેશે.

ચાર રાજ્યોમાં ચૂંટણી માટે નિરિક્ષકોની અંતે નિમણૂંકો

નવી દિલ્હી,તા. ૪

ભારતીય ચૂંટણી પંચે આંધ્રપ્રદેશ, આસામ, ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળમાં દ્વિવાર્ષિક રાજ્યસભાની ચૂંટણી માટે ખાસ નિરિક્ષકોની આજે નિમણૂંક કરી હતી. સાતમી ફેબ્રુઆરીના દિવસે ચૂંટણી યોજાનાર છે. પંચ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યુ છે કે ખાસ નિરિક્ષકોની ફરજ ચૂંટણી દરમિયાન ગેરરીતિઓ પર નજર રાખવાની રહેશે.

મનીપાવર સહિત ચૂંટણી ગેરરીતિને રોકવા તેમની જવાબદારી રહેશે. ચોક્કસ ફરિયાદના કેસમાં આ લોકો ધ્યાન આપશે. પંચે કહ્યુ છે કે આ નિરિક્ષકો દ્વિવાર્ષિક ચૂંટણીના સંદર્ભમાં ન્યૂઝ અને મિડિયા રિપોર્ટ પર પણ ચાંપતી નજર રાખશે. કોઈ પણ ચૂંટણી ગેરરીતિના કેસમાં આ લોકો ચૂંટણી પંચનું ધ્યાન દોરશે. ગુજરાતના મુખ્યચૂંટણી અધિકારી(સીઈઓ) આંધ્રપ્રદેશ માટે ખાસ નિરિક્ષક તરીકે નિમાયા છે જ્યારે ત્રિપુરાના સીઈઓ આસામ માટેની જવાબદારી સંભાળશે. કર્ણાટકના સીઈઓ ઓરિસ્સામાં અને ઉત્તરપ્રદેશના સીઈઓ પશ્ચિમ બંગાળના નિરિક્ષક તરીકે રહેશે. કમિશને પહેલાથી જ સંબંધીત રાજ્યોના નિરિક્ષકની નિમણૂંક કરવામાં આવી ચુકી છે. ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ થઈ ગયા બાદ અહેવાલ ચૂંટણીપંચ સમક્ષ ખાસ નિરિક્ષકો દ્વારા રજુ કરાશે.

અમેરિકામાં હિમવર્ષાથી સૈંકડો ફ્લાઈટો રદ થઈ

અમેરિકામાં પ્રચંડ તોફાનના કારણે વિમાની સેવાને માઠી અસર થઈ છે. અમેરિકાના ન્યૂયોર્ક વિસ્તારમાં ગઈકાલે પણ ભારે હિમવર્ષા થઈ હતી જેથી ત્રણ મુખ્ય વિમાની મથકો પરથી ૪૦૦ ફ્લાઈટો રદ કરવામાં આવી હતી. લાગાર્ડિયા વિમાની મથકથી ૧૭૭, જોન ઓફ કેનેડી એરપોર્ટથી ૭૫ અને નેવાર્ક પરથી ૧૮૮ ફ્લાઈટો રદ કરવામાં આવી હતી. નેશનલ વેધર સર્વિસે અહેવાલમાં જણાવ્યું છે કે ન્યૂયોર્ક શહેર, ન્યૂજર્સીના અન્ય વિસ્તારમાં હજુ પણ તોફાનની શક્યતા રહેલી છે. અહીં ભારે હિમવર્ષાની આગાહી કરવામાં આવ્યા બાદ સાવચેતીના પગલાં લેવામાં આવ્યા છે. ઘણી સ્કૂલોમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. દેશના પૂર્વતર વિસ્તારમાં ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. અહીં બરફથી ૧૩ લોકોના મોત થઈ ચૂક્યા છે.

સમાચાર ઝલક

- *દિલ્હી સરકાર તેના કર્મચારીઓ માટે જો ભ્રષ્ટાચાર આચરે તો આજીવન કેદની સજાવાળું બીલ મંજૂર કર્યું.*
- *કેરળના ચંદ્રશેખરની હત્યાની તપાસ નવેસરથી હાથ ધરાશે.*
- *પરોક્ષ વેરાઓમાં ઘટાડો કરાશે તેવો નાણાં મંત્રીનો સંકેત.*
- *વસંતપંચમી-જ્ઞાનપંચમીની ઠેરઠેર ઉલ્લાસભેર ઉજવણી કરાઇ.*
- *સાઉદી અરેબિયાના નાગરિકો બીજા દેશની લડાઇમાં લડશે તો ૩૦ વર્ષની સજા થશે.*
- *'આપ'ના કાર્યકરો દ્વારા અરૂણ જેટલીના નિવાસે દેખાવો.*
- *મહારાષ્ટ્રમાં સત્યમ ટ્રાવેલ્સની બસનાં અકસ્માતમાં ૧૦ ગુજરાતીઓનાં મોત.*
- *ભરૂચમાં ઝૂંપડપટ્ટી હટાવતા પોલીસ સાથે લોકોની અથડામણ.*
- *દહેગામ પોલીસ સ્ટેશનમાં પરિણિતા સાસરીમાં પરત ન આવી હોવાની ફરિયાદ નોંધાણી.*
- *તમામ રાજ્યોને ગેસ સરખા ભાવે આપવા સુપ્રીમનો આદેશ.*
- *લોકસભાની ચૂંટણી સંદર્ભે તમામ પક્ષોની ચૂંટણીપંચ બેઠક યોજશે.*
- *સચીન તેંડુલકરને ભારત રત્ન એવોર્ડ અપાયો.*
- *તાતાએ દિલ્હીમાં કારના બે નવા મોડેલ લોન્ચ કર્યા.*
- *આરોગ્ય મહિલા કર્મચારીઓને કાયમી કરવાની અરજી હોઇકોર્ટે ફગાવી.*
- *જસ્ટીશ માથુર સાતમા પગારપંચના અધ્યક્ષ રહેશે.*
- *ધારીમાં વેપારીના પુત્રની હત્યા થવાથી ધારીમાં બંધ પાળવામાં આવ્યો.*
- *કચ્છ-ભૂજ જિલ્લા પંચાયત મહિલા કર્મચારીને લાંચ લેવા બદલ કોર્ટે સજા ફટકારી.*
- *નવી સિઝનમાં મરચાનાં ભાવો રડાવશે.*
- *લોકસભાનું છેલ્લું સત્ર આજથી શરૂ થશે, ૩૯ વિધેયકો રજૂ થશે.*

ગુલમહોર (પાના નં. ૪ નું ચાલુ)

યુવાન ઉત્સાહથી બોલ્યો કે "એક સમોસાના વેચાણમાંથી મને ૭૫ પૈસા મળે. આમ રોજના ૪,૦૦૦ સમોસાના ૭૫ પૈસાની સરેરાશ માંડીએ તો મને દર મહિને ૯૦,૦૦૦ રૂપિયાનો ચોખ્ખો નફો થાય. હા, જે દિવસે હું કામ ઉપર ન નીકળું એટલે કે ધંધો બંધ રાખું તે દિવસનો નફો ગુમાવવો પડે. સમોસા વેપારી જ બનાવીને આપે. અમારા જેવા ફેરિયાએ તો માત્ર વેચાણ જ કરવાનું. સમોસા બનાવવાની કે બીજી કોઈ જવાબદારી અમારી નહીં."

પેલા મિત્ર તો વિચારમાં પડી ગયા કે આજે યુવાનો અને યુવતીઓ ડિગ્રી કોર્સ કરીને, ભણી-ગણીને વ્હાઈટ કૉલર જોબની ઘેલછામાં સવારે ૯ વાગ્યાથી સાંજના ૭ કે મોડે સુધી કૉર્પોરેટ કલ્ચરવાળી કંપનીમાં પાંચ-દસ હજાર કે એની આસપાસના મામુલી પગારમાં વૈતરું કરતા હોય છે. કારણ કે યુવાનો-યુવતીઓને સામાન્ય કામ યા આવું કામ કરવામાં શરમ આવે છે. એવો વિચાર પણ સતાવે કે જો ભણી-ગણીને પણ આખરે ફેરિયા તરીકે જ કામ કરવાનું હોય તો પછી આ ભણતરનો શો અર્થ?

મિત્રએ વધુ એક સવાલ કર્યો કે "બધા પૈસા વાપરી નાખે છે કે બચત પણ કરે છે?"

સમોસાવાળા પેલા યુવાને આત્મવિશ્વાસ સાથે કહ્યું કે "ના, સાહેબ. પૈસા વાપરી નાખતો નથી પણ આયોજનપૂર્વકની બચત કરું છું. સને ૨૦૦૪માં મેં પાલઘર પાસે રૂપિયા ૧૦ લાખની બચતમાંથી જમીન ખરીદી હતી. એના છ જ વર્ષમાં ૬૦ લાખ મળતાં સને ૨૦૧૦માં વેચી દીધી. આ રકમમાંથી રૂપિયા ૨૦ લાખમાં મેં ફરી પાછી જમીન ખરીદી. બાકીના ૨૦ લાખ મારી દીકરીના ભણતર અને લગ્નપ્રસંગ માટે અનામત રાખ્યા છે અને બીજા ૨૦ લાખ મારી બાકી જિંદગીમાં કામ લાગે એથી બચાવી રાખ્યા છે. મારે અને મારા પરિવારે સમાજમાં કોઈ દેખાડો કરવાનો હોતો નથી. કોઈ કાર કે બંગલાની ખેવના હોતી નથી. કોઈની દેખાદેખીમાં મારે કોઈ વધારાના ખર્ચા પણ કરવાના હોતા નથી. આથી દર મહિને રૂપિયા ૧૫,૦૦૦ના ઘરખર્ચમાં મારા પરિવારનું ગુજરાન ચાલી જાય છે. આથી આજે પણ હું દર મહિને રૂપિયા ૭૫,૦૦૦ની બચત કરી શકું છું. હું ભાડાની જે ખોલીમાં રહેતો હતો એ ખોલી મેં ખરીદી લીધી અને બીજી બે ખોલી ખરીદીને ભાડે આપી છે. તેનું મહિને રૂપિયા ૧૫,૦૦૦નું ભાડું પણ મને મળી રહે છે. જે મારા મા-બાપ અને પરિવારજનોના ખર્ચ માટે હું વતન મોકલી આપું છું."

આ સમોસાવાળો યુવાન તો મુંબઈ રહે છે. વાત મુંબઈની છે પરંતુ દરેક મોટા શહેરોમાં આવા નાનું અને સામાન્ય ફેરિયાનું કામ કરનારા યુવાનો, જેવા કે પસ્તીવાળા યા પાણીપુરીવાળા યુવાનો રોજના હજાર અને તેનાથી વધુની સરેરાશ પ્રમાણે દર મહિને રૂપિયા ૩૦,૦૦૦થી ૬૦,૦૦૦ કમાઈ લેતા હોય છે. એમને ન તો મ્યુનિ. ટેક્સ ભરવો પડે, ન તો ઈન્કમ ટેક્સ ભરવો પડે. એને ન તો કોઈ જગ્યાનું ભાડું પણ ચુકવવું પડે કે ન તો લાઈટ બિલ પણ આપવું પડે. ફંડા એ જ કે કોઈને અન્ડર એસ્ટિમેટ કરવા જોઈએ નહીં. બીજો ફંડા એ પણ ખરો કે કોઈ પણ કામ નાનું કે મોટું હોતું નથી. રોજગારી માટે કોઈ શરમ કે છોછ રાખવાની જરુર હોતી નથી.

સ્ટોપર :

"ન જાને કૌન સા હાદસા અખબાર મેં આ જાયે,
ન જાને કૌન સા સિક્કા બાજાર મેં ચલ જાયે,
કર લો ચોર-ઉચક્કો સે દોસ્તી યારોં,
ન જાને કૌન કલ સરકાર મેં આ જાયે."

નવાં કલેવર (પાના નં. ૪ નું ચાલુ)

શહેરના મોટા મોટા આઇ.જી., ડી.આઇ.જી, પોલીસ ઇન્સ્પેક્ટર તપાસ કરવા આવ્યા. કેમ કે ઘનાઢ્ય વ્યક્તિનો મામલો હતો. પણ સાહેબ તેણે જરા આંખ મિંચકાવી કહ્યું, સોના ચાંદી સામે બધા પુરાવાઓ હલકા સાબિત થયા. સૌએ એક સ્વરે આને માનસિક બિમારી અને આત્મહત્યાનો કિસ્સો બતાવ્યો.

તેમાં હું જ પહેલેથી છેલ્લે સુધી સાહેબની સાથે હતો અને ખરૂં શું છે તે બધું જાણતો હતો. તેનાં કારણે સાહેબ તે દિવસથી સમજોને કે મારી મુઠ્ઠીમાં જ છે.

'હં' કહી તે ચુપ રહ્યા. થોડીવાર પછી બોલ્યા, 'એવું છે કે એક લાખ રૂપિયા હું એડવાન્સ લઇશ અને બીજા બે લાખ કેશ જીત્યા પછી...'

તે જતો રહ્યો. તેમણે તેની ફાઇલ તૈયાર કરી. પહેલાં તો ઘટના વખતે જે વ્યક્તિઓ ત્યાં હાજર હતા. તેમણે દસ દસ હજાર રૂપિયા આપી એવું કહેવા માટે તૈયાર કર્યા કે તેઓ ત્યાં હતા જ નહીં. અને તે પછી મિ. શાહ પાસેથી એ જે દાવપેંચ અને નિયમ-કાનૂન શીખેલાં તે અજમાવીને બચાવી લીધો. તેને લેવાની ખુશીમાં તેના શેઠ તરફથી અલગથી પચાસ હજારનો ચેક અને મીઠાઇ તેનાં શેઠે મોકલી હતી.

આ ઘટનાની વાત જયારે તેમણે કુસુમને કરી ત્યારે તે વિફરેલી વાઘણની જે તાડુકી ઉઠી. 'વકીલ સાહેબ તમે આ સારૂં નથી કર્યું. રૂપિયા માટે તને તમારી ઇમાનદારી - કર્તવ્ય બધું કોરાણે મુકી દીધું. મારી જ નાંખવો હતો તો શિવરામે પોતાના છોકરાને કેમ મારી ન નાંખ્યો? દોષીત તો બંને હતા. તેમાં એક ને મોત અને બીજાને તે સ્વચ્છંદતા? શું તમારી ન્યાયની પોથીમાં આવું લખ્યુ છે.'

તેમને તેની વાત ઝેર પાયેલાં તીર જેવી લાગી. તેમણે ધમકાવતા કહ્યું. વધુ પડતી બક બક કરવાની જરૂર નથી. છાનીમાની સુઇ જા. મને વકીલાત શીખડાવવાની તારે જરૂર નથી.

આ ઘટનાને લગભગ બે વર્ષ વીતી ગયા. તે પોતાના બીજા કુખ્યાત ગુનેગારોના કેસો જીતાડવામાં વ્યસ્ત થઇ ગયા. અને આ તરફ બારમીની પરીક્ષામાં વ્યસ્ત આકાશની તબિયત અચાનક બગડી. તાવ એવો આવવા લાગ્યો કે ઉતરતો જ ન હતો. બધા ટેસ્ટ કરાવ્યા બાદ ડોકટરોએ બ્લડ કેન્સર છે તેમ કહી દીધું. શહેરમાં સૌથી મોટી કેન્સર હોસ્પિટલમાં તેની સારવાર ચાલુ થઇ. તે અને કુસુમ બંને હરપળ એક ભયાનક દુઃસ્વપ્નમાં ઘેરાવા લાગ્યાં. હોસ્પિટલ જ હવે જાણે કે તેમનું ઘર બની ચુકી હતી. કુસુમ પહેલાં તો ખુબ રડતી હતી. પણ હવે તે ચુપચાપ શૂન્ય થઇ જોઇ રહેતી હતી. દર અઠવાડિયે એંસી હજારનું ઇન્જેકશન લગાવતાં અત્યાર સુધીમાં પચ્ચીસ લાખનો ખર્ચ થઇ ચુક્યો હતો. છતાં તેને બચવાની કોઇ આશા જણાતી ન હતી. તે કોઇ ઉંઘઇ લાગેલા ઝાડની જેમ અંદરને અંદરથી ખવાઇ ને તૂટી રહ્યા હતા. પણ બહારથી રાવણની જેમ કોઇને એનો આભાસ પણ આવવા દેતા ન હતા. તેમને એ દિવસ યાદ આવ્યો કે જે દિવસે આકાશનો જન્મ થયેલો ત્યારે તે બંને કેટલાં ખુશ થયેલાં. પરંતુ પૈસાની મુશ્કેલીને કારણે કોઇ પાર્ટી કરી શક્યાં ન હતા. કુસુમ તે દિવસે આંસુ લુંછતી તેમને ચુમી લેતાં બોલી. ઉઠેલી, 'વકીલ સાહેબ કંઇ વાંધો નહીં. આપણે આ દીકરો એક દિવસ જરૂર નસીબદાર સાબિત થશે.'

અચાનક મોબાઇલનો અવાજ સાંભળી તેમની તંદ્રા તુટી. સામેથી કુસુમનો કંપતો અવાજ આંસુઓમાં ડુબતો સંભળાયો. 'જલ્દી... જલ્દી તમે આવી જાવ. આકાશ આકાશ બસ હવે થોડી પળો નો...'

અને તે લથડતા પગલે બહાર આવી કંપતા સ્વરે રૂંધાયેલા ગળેથી માંડ એટલું બોલી શક્યા. 'ડ્રાઇવર હોસ્પિટલે ચાલો.'

- vanvihari@gmail.com

Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

કોઈ પણ મોટી કંપની પ્રત્યક્ષ ઈન્ટરવ્યુ સિવાય નોકરીમાં રાખતી નથી. એટલે ડાયરેકટ જોબ ઓફર આવે એટલે ઘસીને ના જ પાડવી. તમને ધારો કે કોઈ કંપનીની કોઈ ઓફરમાં રસ પડે જ તો ડાયરેક્ટ એ કંપનીનો નંબર શોધીને કે કોઈ માણસને મોકલવાની ખાત્રી કરો. મિત્ર,વડીલ, શિક્ષક સાથે ચર્ચા કરી આવી ધોખાદાયક ઘટનાથી બચી શકાય. ઑફર થયેલો પગાર એ કંપનીમાં એ પોસ્ટ માટે મળે છે ? નેટ પરથી નક્કી કરી શકાશે. ઈમેલ આઈડી તપાસો, પ્રતિષ્ઠિત કંપનીના પોતાના નામનાં જ ઈમેલ આઈડી હોય છે. એટલે છેતરપિંડી કરનારા એ નામથી ઈમેલ નહીં કરી શકે, તેઓ જીમેલ, યાહુ, આઉટલુટક, લાઈવ વગેરે મફતીયા ઈમેલ સેવાનો જ ઉપયોગ કરશે એટલે જો એવાં ઈમેલ પરથી ઑફર આવે તો એને ટાટા કરી દેવું.

કોઈ પણ નામાંકીત કંપની ઈન્ટરવ્યુ માટે આવવા જવાની ટિકીટ એમના તરફથી આપે છે, એ કોઈ ઉમેદવાર પાસે પૈસા ઉઘરાવતી નથી, એટલે રૂપિયા માગે એ ખોટો જ એવું નક્કી માની લો. જયાં સુધી તમે કોઈને રૂપિયા ચુકવ્યા નથી ત્યાં સુધી રાજા છો. કોઈ રૂપિયા માગે, ક્રેડિટ કાર્ડ કે બેંક એકાઉન્ટની માહિતી માગે તો સાવધાન થઈ જાવ અને માહિતી આપવાની ના પાડો, શક્ય હોય ત્યાં સુધી પર્સનલ અને જૉબ માટેનો ઈમેલ આયડી અલગ જ રાખો. તમારા જેવી જ જૉબ ઑફર તમારા સર્કલમાં આવી છે કે? એની તપાસ કરો. જો તમને કરેલો મેઈલ અને રિપ્લાય માટેનો ઈમેલ આયડી અલગ હોય તો તમે છેતરાવાના એટલું નક્કી. વધુ રૂપિયાની જૉબ કોને નથી ગમતી? પણ જૉબ ફિશીંગથી ફસાઈને રૂપિયા ખર્ચીને મુસીબત ગળે ના પડે એટલું જરૂર જોજો, કોઈ ગમે તેવો ગાળીયો નાંખે આપણે આપણી ડૉક બચાવવાની છે.

ચૂંટલો : આઈ.આઈ.ટી. અને આઈ.આઈ.એમ. વિદ્યાર્થીઓનાં કેમ્પસ ઈન્ટરવ્યુ થઈ સિલેકશન થાય છે, એવામાં તમને કોઈ વગર ઈન્ટરવ્યુ એ લાખ્ખોની જૉબ ઓફરનો મેઈલ કરે અને તમે હરખપદુડા થઈ થનારાં ખર્ચાની રકમ ખાતામાં ભરી આવો તો તમે છેતરપીંડીની જાળમાં સપડાયાં જ માનવા, જૉબ ફિશીંગ સે બચકે રહેના.